# ગુજરાત વિધાનસભાના સભ્યશ્રીઓને પગાર અને ભથ્થાંની સુવિધા

સન ૧૯૬૦ ના ગુજરાત વિધાનસભા સભ્યોના પગાર અને ભથ્થાં બાબતના અધિનિયમ અન્વયે સભ્યોને નીચે મુજબનાં પગાર, ભથ્થાં અને સુવિધાઓ મળે છે.

૧. **પગાર :**

દરેક સભ્યને તેના હોદ્દાની સમગ્ર મુદત દરમિયાન સચિવાલયમાં રાજ્ય સરકારના નાયબ સચિવને ચૂકવવાપાત્ર ઓછામાં ઓછા મૂળ પગારના દરે એટલે કે રૂ. ૭૮,૮૦૦/- મહિના દીઠ પગાર ચૂકવવામાં આવે છે.

૨. **મોંઘવારી ભથ્થું**

દરેક સભ્યને તેના હોદ્દાની સમગ્ર મુદત દરમિયાન, રાજ્ય સરકારના કર્મચારીઓને વખતોવખત ચૂકવવામાં આવતા હોય તેટલા દરે મૂળ પગારની રકમ પર દર મહિને મોંઘવારી ભથ્થું ચૂકવવામાં આવશે.

૩. **અન્ય ભથ્થાં**

| | |
|---|---|
| **(અ) ટેલિફોન ચાર્જીસ** | રૂ. ૭,૦૦૦/- |
| **(બ) ટપાલ અને લેખન સામગ્રી** | રૂ. ૫,૦૦૦/- |
| **(ક) અંગત મદદનીશ ભથ્થું** | રૂ. ૨૦,૦૦૦/- |
| | --------- |
| | કુલ રૂ.૩૨,૦૦૦/- |

૪. **મુસાફરી ભથ્થું અને દૈનિક ભથ્થું**

વિધાનસભાની બેઠકમાં અથવા સમિતિની બેઠકમાં હાજરી આપવા માટે સભ્યો આવે ત્યારે તેઓને નીચે મુજબ મુસાફરી ભથ્થું અને દૈનિક ભથ્થું આપવામાં આવે છે.

(અ) દૈનિક ભથ્થું બેઠક દીઠ રૂ. ૧,૦૦૦/-

(બ) મુસાફરી ભથ્થું

(૧) જો સભ્ય જમીન માર્ગે પોતાના, ભાડૂતી કે ઉછીના લીધેલા વાહનમાં મુસાફરી કરે તો એ અંગેના નીચે દર્શાવેલ દરે મુસાફરી ભથ્થું મળવાપાત્ર થાય છે.

**તા.૨૨/૦૩/૨૦૨૨થી........**

| મુસાફરીનો પ્રકાર | કિલોમીટર દીઠ રકમ રૂ. |
|---|---|
| **(૧) મોટરકાર (પેટ્રોલ)** | **૧૧.૦૦** |
| **(૨) મોટરકાર (ડીઝલ)** | **૧૦.૦૦** |
| **(૩) મોટરકાર (સી.એન.જી.)** | **૬.૦૦** |
| **(૪) દ્વિચક્રી વાહન (મોટર સાયકલ/સ્કુટર)** | **૨.૫૦** |
| **(૫) અન્ય રીતે કરવામાં આવેલ મુસાફરી** | **૨.૫૦** |

(૨) જો સભ્ય રેલ્વે દ્વારા મુસાફરી કરે તો તેઓને વંદે ભારત એક્સપ્રેસ, તેજસ એક્સપ્રેસ, દુરોન્તો એક્સપ્રેસ સહિત કોઈપણ રેલવે દ્વારા એક્ઝિક્યુટિવ ક્લાસ (વર્ગ) અથવા કોઈપણ વર્ગનું ભાડુ મળવાપાત્ર થાય છે. તે ઉપરાંત ઉક્ત રેલવે ભાડાનું અડધું ભાડું આનુષાંગિક ખર્ચ તરીકે મળવાપાત્ર છે.

૫. સભ્યોને મુસાફરીની સગવડો

(અ) રેલ્વે મુસાફરી

વિધાનસભાના સભ્યો પોતાના પતિ કે પત્નિ અને બીજા બે કુટુંબીજનો સાથે ગુજરાત રાજ્યની અંદર રેલ્વેના વંદે ભારત એકસપ્રેસ, તેજસ એકસપ્રેસ, દુરોન્તો એકસપ્રેસ સહિત કોઈપણ રેલવે દ્વારા એક્ઝિક્યુટિવ કલાસ (વર્ગ) અથવા કોઈપણ વર્ગમાં મુસાફરી કરી શકે છે. ગુજરાત રાજ્ય બહાર ભારતના કોઈપણ ભાગમાં સભ્યો ઉપર મુજબ મુસાફરી કરી શકે છે. પરંતુ સભ્ય એકલા ગુજરાત રાજ્ય બહાર એક નાણાકીય વર્ષમાં ૧૦,૦૦૦ કિલોમીટર અને તેમના સહયાત્રીઓ સાથે ૨૦,૦૦૦ કિલોમીટર સુધીની મુસાફરી કરી શકે છે.

(બ) રાજય માર્ગ વાહનવ્યવહાર નિગમની બસ ધ્વારા મુસાફરી

વિધાનસભાના સભ્યો પોતાના ઓળખપત્ર ધ્વારા રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમની બસમાં (લકઝરી બસ સહિત) તેઓની પત્નિ/પતિ અને બીજા બે કુટુંબીજનો સાથે મુસાફરી કરી શકે છે.

(ક) વિમાનની મુસાફરીની સગવડ

સભ્યશ્રી પોતાના કુટુંબના એક સભ્ય સાથે એક નાણાકીય વર્ષમાં પોતાના નિવાસસ્થાનથી નજીકના એરપોર્ટ ઉપરથી ભારતના કોઈપણ ભાગમાં ત્રણ વખત આવવા–જવાની મુસાફરી કરી શકે છે. તે અંગે થયેલ ખર્ચ પેટે રેલ્વેના પ્રથમ વર્ગ અથવા સેકન્ડ એ.સી. બેમાંથી જે વધારે હોય તે ભાડા જેટલું ભાડું ખર્ચ મળવાપાત્ર થાય છે.

૬. તબીબી સારવારની સગવડ

વિધાનસભાના વર્તમાન અને પૂર્વ સભ્યશ્રીઓને તથા તેમના પર આધારિત કુટુંબીજનોને રાજયમાં આવેલી કોઈપણ સરકારી હોસ્પિટલમાં વિનામૂલ્યે તબીબી સારવાર મળવાપાત્ર થાય છે આ ઉપરાંત મ્યુનિસિપાલિટી/પંચાયતની હોસ્પિટલ, ગ્રાન્ટ ઈન એઈડ હોસ્પિટલ અને G.M.E.R.Sની સરકારી તથા ખાનગી મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલોમાં પણ અંદરના/બહારના દર્દી તરીકે લીધેલ સારવારનું સંપૂર્ણ રિએમ્બર્સમેન્ટ મળવાપાત્ર છે. વર્તમાન/પૂર્વ ધારાસભ્યશ્રીઓ અને તેમના પર આધારિત કુટુંબીજનોને રાજ્યમાં આવેલી ખાનગી હોસ્પિટલોમાં અંદરના કે બહારના દર્દી તરીકે લીધેલ સારવારનો સંપૂર્ણ ખર્ચ મળવાપાત્ર છે.

૭. ટેલિફોનની સગવડ

સભ્યશ્રીઓને નવનિર્મિત સદસ્ય નિવાસ, ગાંધીનગર ખાતેના સદસ્ય નિવાસમાં તેમના રૂમમાં લોકલ કોલ્સની સુવિધા સાથેના ટાટાના ટેલિફોનની સુવિધા પૂરી પાડવામાં આવે છે.

૮. સભ્યોને રહેઠાણ - ભોજનની સગવડ

વિધાનસભાના સભ્યોને રહેવા માટે નિવાસમાં ૩ બેડરૂમ, કીચન, ડાઈનીંગ, બાલ્કની, ડ્રોઈંગ રૂમ, ઓફિસ રૂમ, વેઈટીંગ રૂમ, ડ્રેસિંગ રૂમ, ૩ અટેચ ટોઈલેટ બાથરૂમ, ૧ કોમન ટોઈલેટ બાથરૂમ, સર્વન્ટ રૂમ વીથ અટેચ ટોઈલેટ બાથરૂમ સહિતના ફ્લેટની સગવડ આપવામાં આવે છે. જેનું નિયમોનુસાર ભાડુ વસુલવામાં આવે છે. સદસ્ય નિવાસ ખાતે સદસ્ય ભોજનાલયમાં સભ્યોને ભોજનની સગવડ ચૂકવણીના ધોરણે આપવામાં આવે છે.

૯. રેલ્વે રિઝર્વેશન કાઉન્ટરની સવલત

વિધાનસભાના સભ્યોને વિધાનસભા બિલ્ડીંગમાં રેલ્વે રિઝર્વેશન કાઉન્ટર સવલત આપવામાં આવેલ છે.

૧૦. પોસ્ટ ઓફિસની સવલત

વિધાનસભાના સભ્યોને વિધાનસભાના બિલ્ડીંગમાં પોસ્ટ ઓફિસની સવલત આપવામાં આવેલ છે.

## FACILITIES OF SALARIES AND ALLOWANCES ADMISSIBLE TO THE MEMBERS OF THE GUJARAT LEGISLATIVE ASSEMBLY.

As per the Gujarat Legislative Assembly Members' Salaries and Allowances Act, 1960, the Members of the Legislative Assembly get Salaries, Allowances and Facilities as mentioned below:-

### 1. SALARY:

Each Member of the Legislative Assembly is paid the salary per month at the rate of minimum Basic Pay payable to a Deputy Secretary in the Secretariat of the State Govt. i.e. Rs. 78,800/- throughout his or her term.

### 2. DARNESS ALLOWANCES:

Every member shall be paid every month a Dearness Allowance on the Basic Pay at the rate at which a Dearness Allowance is paid to employees of the State Govt. from time to time.

### 3. OTHER ALLOWANCES:

| | |
|---|---|
| (A) Telephone Charges | Rs. 7000/- |
| (B) Postal And Stationery Expense | Rs. 5,000/- |
| (C) Personal Assistant Allowance | Rs. 20,000/- |
| | ……………… |
| | Total: 32,000/- |

### 4. TRAVELLING ALLOWANCE AND DAILY ALLOWANCE:

Travelling Allowance and Daily Allowance are admissible to the Members, when they come to attend a sitting of the Legislative Assembly or a sitting of a Committee as mentioned below: --

(a) Daily Allowance Rs.1000/-

(b) Travelling Allowance

(1) If a Member travels by road in his or her own or hired or borrowed vehicle, then travelling allowance is admissible at the rate mentioned below: --

Effective from 22/03/2022… … …

| *Type of Travelling* | *Amount in Rs. admissible per kilometre* |
|---|---|
| (1) Motorcar (Petrol) | 11.00 |
| (2) Motorcar (Diesel) | 10.00 |
| (3) Motorcar (CNG) | 6.00 |
| (4) Two wheelers (Motorcycle/scooter) | 2.50 |
| (5) Journey undertaken in other way | 2.50 |

(2) If a Member travels by railway then he or she is entitled to a Railway fare of executive class or any class by any railway including Vande Bharat Express, Tejas Express, Duronto Express. Moreover, a half of Railway fare of the same will be admissible to the Member as incidental expense.

## 5. TRAVELLING FACILITIES AVAILABLE TO THE MEMBERS:

### *(A) Railway Journey:*

The Members of the Legislative Assembly may travel within the State of Gujarat along with his/her spouse and two other family member by executive class or any class by any railway including Vande Bharat Express, Tejas Express, Duronto Express. The Members may travel as mentioned above outside the State of Gujarat and to any part of India. But a Member alone may travel outside the State of Gujarat for 10,000 kilometres and for 20,000 kilometres along with his or her co-traveller in a financial year.

### *(B) A journey undertaken by a bus of State Transport Corporation:*

The Member may undertake a journey in a bus of the State Transport Corporation along with his or her spouse and other two family members by showing his or her Identity Card.

### *(C) Facility of travelling by Air:*

A Member may travel by Air from the Airport nearest to his or her Residence to any part of India along with his or her one family member including the return journey on three occasions in one Financial Year. For the expense of Air Journey so undertaken, an amount equal to First Class or Second AC Class of Railway, whichever is higher is admissible.

## 6. MEDICAL TREATMENT FACILITIES:

Free of cost medical treatment is admissible to the Sitting and Ex-Members of the Legislative Assembly and to the family members dependent on them in any Government Hospital in the State. Moreover, complete and full reimbursement of the treatment taken as inside or outside patient in a Municipality / Panchayat hospital, a Grant-in-Aid hospital and a Govt. hospital of G.M.E.R.S. as well as in Hospitals affiliated to private colleges is admissible to the Members. Complete and full expenditure of treatment taken as inside or outside patient in private Hospitals in the State is admissible to Sitting and Ex-Members and to the family members dependent on them.

## 7. TELEPHONE FACILITY:

Members are provided with Tata telephone facilities with local call services in their rooms at the newly constructed Members' Residence at Gandhinagar.

## 8. RESIDENTIAL AND MEAL FACILITIES FOR MEMBERS:

For accommodation, Members of the Legislative Assembly are provided with flats in the residence consisting of 3 bedrooms, kitchen, dining area, balcony, drawing room, office room, waiting room, dressing room, 3 attached toilet-bathrooms, 1 common toilet-bathroom, and a servant room with attached toilet-bathroom. Rent is recovered as per rules.

At the Members' Residence, meal facilities are provided to members at the Members' Canteen on a payment basis.

## 9. RAILWAY RESERVATION COUNTER FACILITY:

A facility of a Railway Reservation Counter is available to the Members of the Legislative Assembly within the Assembly Building.

## 10. POSTAL FACILITY:

A facility of a Post Office is available to the Members of the Legislative Assembly within the Assembly Building.